# આખરે સિવિલમાં સીટી સ્કેન મશીનની પધરામણી : દર્દીઓ આનંદિત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આખરે અને અંતે સીટીસ્કેન મશીનની આજરોજ પધરામણી થઈ ગઈ છે. સીટીસ્કેન મશીન આવતા દર્દીઓમાં આનંદની લ્હેર પ્રસરી જવા પામી છે. સિવિલમાં સારવાર માટે આવતા દર્દીઓનો વર્ષો બાદ સીટીસ્કેનનો ટેસ્ટ થશે. જયારે આધુનિક બનતા રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવથી માંડીને ડાયાલીસીસ સુધીના સારવાર થતા દુરદુરથી દર્દીઓ ગાંધીનગર સિવિલમાં આવે છે. મેડીકલ કોલેજને પગલે સ્ટાફ અને આધુનિક મશીનો સહિત દર્દીઓને મળતી સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. સિવિલમાં રોજના



સીટીસ્કેન મશીનના ઈન્સ્ટોલેશન બાદ તંત્ર દ્વારા એ.ઈ.આર.બી.બોર્ડની પરમીશન લેવામાં આવશે. સિવિલ તંત્ર દર્દીઓ માટે મશીનનો ઉપયોગ કરી શકશે. સીટી સ્કેન મશીનને પગલે સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને મળતી આધુનિક સુવિધામાં ઉમેરો થવા પામ્યો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ હજ્જારો દર્દીઓ આવતા રેડીયોલોજી વિભાગમાં કામનું ભારણ વધુ રહેવા પામે છે. એકસ-રે, સોનોગ્રાફી અને સીટીસ્કેનના રીપોર્ટ બાદ જ ડોક્ટર દ્વારા દર્દીનું યોગ્ય નિદાન થઈ શકે છે. ત્યારે વર્ષોથી સીટીસ્કેન મશીન બંધ હોવાથી દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. માત્ર સોનોગ્રાફી અને એકસ-રે થી જ દર્દીઓને સંતોષ માનવો પડતો હતો.



## લીંબડીયા ગામે કૂતરાના મોતના મોંમાંથી જીવદયાપ્રેમીએ વાનરને બચાવાયુ

ગાંધીનગર તાલુકાના લીંબડીયા ગામે ગામના વૃક્ષો પર વાનર ટીમ કુદી રહ્યા હતા ત્યારે કૂતરાઓ વાનરને પકડવા દોડધામ મચાવી હતી. ત્યારે એક વાનર કૂતરાની ઝપટમાં આવી જતા ઈજાગ્રસ્ત વાનર જમીન પર તરફડી રહ્યુ હતુ. ત્યારે ગામના સરપંચ હર્ષદભાઈ પટેલની નજર ઈજાગ્રસ્ત વાનર પર પડતા અચાનક પાણીના છંટકાવ કરી પ્રાથમિક સારવાર કરવા કટીબદ્ધતા વ્યક્ત કરી હતી. આમ કૂતરાના મોંમાંથી જીવદયાપ્રેમી હર્ષદભાઈ પટેલે વાનરને બચાવવા અથાક પ્રયત્નો કર્યા ત્યારબાદ ઈજાગ્રસ્ત વાનરના જીવને બચાવવા સારવાર-દવા કરાવવા અમદાવાદ ખાતે પહોંચાડવા તજવીજ હાથ ધરી હતી.

# ગાંધીનગરની ૧૯ વર્ષીય અંજલિ નાટ્ય ક્ષેત્રે 'મેં હું બેટી' એવોર્ડથી સન્માનિત

### ૭ વર્ષની વયથી ડાન્સને વરેલી અંજલિ તન્ના ગુજરાતી ફિલ્મ 'મારી લાઈફ તારી'માં કોરિયોગ્રાફી કરી ચુકી છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની ૧૯ વર્ષીય દિકરી અંજલિ તન્નાને ઉત્તરપ્રદેશની આરોગ્ય દર્પણ સંસ્થા દ્વારા તાજેતરમાં 'મેં હું બેટી' એવોર્ડથી સન્માનવામાં આવી છે. દેશભરમાંથી વિવિધ ક્ષેત્રે કાર્યરત મહિલા પ્રતિભાઓના વિશિષ્ટ યોગદાન માટે ૭૩ મહિલાઓને આ એવોર્ડથી સન્માનવામાં આવી હતી 'મોમ્સ એન્ડ કિડ્સ' શૉ થકી માત્ર માતાઓ અને બાળકોનો નૃત્યોત્સવ કરી ચુકી છે. કથ્થકમાં નૃત્યગુરૂ કુમુદબેન ભટ્ટની શિષ્યા એવી અંજલિ વેસ્ટર્ન અને ક્લાસિકલ સાથે લોકનૃત્યમાં પણ સારી મહારત ધરાવે છે અને 'પનઘટ' સહિત વિવિધ સંસ્થાઓ સાથે સંકળાઈને દેશભરમાં અનેક સ્થળોએ પરફોર્મન્સ કરી ચુકી છે.




જેમાં ગુજરાતમાંથી ૭ મહિલા પૈકી ગાંધીનગરની અંજલિ તન્નાનો પણ સમાવેશ થતાં શહેરના કલારસિકોમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

ગાંધીનગરના સેક્ટર-૭માં રહેતી અને હાલ બીબીએના બીજા વર્ષમાં અભ્યાસ કરતી અંજલિ તન્નાને માત્ર સાત વર્ષની વર્ષ વયથી નૃત્યનું ઘેલું લાગ્યું હતું અને ૧૨ વર્ષની વયે તો તેણીએ નૃત્ય ક્ષેત્રે જ કારકિર્દી ઘડવાનો નિર્ધાર પણ કરી લીધો હતો. ઈવેન્ટ મેનેજમેન્ટનો વ્યવસાય કરતા પિતા સંજય તન્ના અને શિક્ષકા માતા દિપાલીબેનની દિકરી અંજલિ પોતે ડાન્સ ક્લાસીસ પણ ચલાવે છે અને પોતે કથ્થક વિશારદ પ્રથમ પાસ કરી ચુકી છે. નાનપણથી જ નવરાત્રિથી માંડીને શાળાકીય કાર્યક્રમોમાં ઢગલો ઈનામો જીતતી અંજલિએ ધો. ૧૨ના અભ્યાસ પછી ડાન્સ ક્લાસીસ શરૂ કર્યા હતા અને સમર કેમ્પ થકી ગાંધીનગરમાં પ્રથમવાર

લોકનૃત્યમાં ગુજરાતી ગરબા ઉપરાંત રાજસ્થાની ઘુમર અને મહારાષ્ટ્રની લાવણી પણ શીખેલી અંજલિએ કોરિયોગ્રાફીને વ્યવસાય બનાવી ગુજરાતી ફિલ્મ 'મારી લાઈફ તારી' તથા હિન્દી ફિલ્મ 'શાદી વીથ જુગાડ'માં કોરિયોગ્રાફી કરી ચુકી છે તેમજ અઢળક ઈવેન્ટ્સ, કંપનીઓ, કોર્પોરેટ્સ, મેરેજ સેરેમની, સ્ટેજ શૉ તથા નાની-મોટી ડાન્સ કોમ્પિટીશન માટે કોરિયોગ્રાફરની સેવાઓ આપવા સાથે સ્પર્ધાઓમાં જજ તરીકેની ભૂમિકા પણ નિભાવી ચુકી છે. ભવિષ્યમાં પોતાની ડાન્સ એકેડેમી ખોલી વિશ્વભરમાં પરફોર્મન્સ કરવાની ખેવના ધરાવતી અંજલિ તન્ના હાલ સંગીત ક્ષેત્રે પણ તબલાં, વોકલ અને હાર્મોનિયમની તાલીમ મેળવી રહી છે. કથ્થક નૃત્ય ક્ષેત્રે શાસ્વતી સેનથી પ્રભાવિત અંજલિ હાલ પંડિત બિરજુ મહારાજના શિષ્ય એન.બી. ડેવિડ પાસે વધુ સઘન તાલીમ મેળવી રહી છે.

# દહેગામ પાસેના એક ગામમાં આર. આર. સેલનો દેશી દારૂના ભઠ્ઠા પર દરોડો

### સેલે વડવાસા ગામમાં દરોડો પાડી દેશી દારૂ ગાળવા વપરાતો ૧૮૦૦ લિટર વોશ અને ૧૫ લિટર દારૂ પકડયો

ગાંધીનગર

આર.આર.સેલે ગઈકાલે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના વડવાસા ગામમાં દેશી દારૂના ભઠ્ઠા પર દરોડો પાડયો હતો. બુટલેગર પ્રહલાદ રાઘાજી ઠાકોરના અડ્ડા ઉપર દરોડો પાડી આર.આર. સેલની ટીમે ૧૫ લિટર દેશી દારૂ અને દેશી દારૂ ગાળવા માટે વપરાતો ૧૮૦૦ લીટર વોશનો જથ્થો ભઠ્ઠા પરથી પકડી પાડયો હતો. આર.આર.સેલનાં દરોડામાં બુટલેગર પ્રહલાદ રાઘા ઠાકોર રફુચક્કર થઈ ગયો હતો. આર.આર.સેલે કુલ રૂપિયા ૩૯૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર થઈ ગયેલા બુટલેગર પ્રહલાદ ઠાકોર સામે ગુનો દાખલ કરી દહેગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધી છે.

# પેથાપુર મહુડી હાઈવે પર કૈલાશધામ નજીક ડસ્ટર કાર સળગી ઉઠી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક પેથાપુર મહુડી હાઈવે ઉપરથી પસાર થઈ રહેલી ડસ્ટર કાર પેથાપુર નજીક કૈલાશધામ પાસે અચાનક સળગી ઉઠતા કારચાલકે સમયસૂચકતા દાખવીને કાર સાઈડમાં કરી દીધી હતી. કારમાં સવાર તમામ સંબંધીઓ સમયસર કારમાંથી ઉતરી ગયા હતા. પળવારમાં જ ડસ્ટર કાર સળગીને ભસ્મીભૂત થઈ ગઈ હતી આ મામલે ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરતા તમને ટીમ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં કરી દીધી હતી જોકે ત્યાં સુધીમાં કાર સળગીને ખાક થઈ ગઈ હતી. સદભાગ્યે આ આગની દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

મળતી માહિતી મુજબ ઉનાવા ગામમાં રહેતા મનીષભાઈ આર.પટેલ આજે બપોરના અરસામાં ઉનાવાથી પોતાની ડસ્ટર કાર નંબર જીજે ૧૮ બીબી ૮૩૭૮માં પોતાના સંબંધીઓને બેસાડીને એરપોર્ટ લઈ જઈ રહ્યા હતા. તેમની કાર મહુડી પેથાપુર રોડ ઉપર પસાર થઈ રહી હતી ત્યારે પેથાપુર નજીક કૈલાશધામ વૃદ્ધાશ્રમ નજીક કારના બોનેટ માંથી ધુમાડો નીકળવા લાગતા



કારચાલકે સમયસૂચકતા દાખવી ને કાર સાઈડમાં કરી તમામ વ્યક્તિઓ કારમાંથી ઉતરી ગયા હતા. કારમાંથી ઉતર્યા એવા તરત જ ધુમાડા સાથે અચાનક આગ પણ ભડભડ લાગવા લાગી હતી. આ ઘટના અંગે તાત્કાલિક ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરતાં ફાયર ઓફિસરની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી હતી. જોકે ત્યાં સુધીમાં આગમાં લપેટાયેલી ડસ્ટર કાર ભસ્મીભૂત થઈ ગઈ હતી. સમયસર ડ્રાઈવર તથા કારમાં સવાર અન્ય મુસાફરો કારમાંથી ઉતરી જતા કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી.

# નગરમાં સંત થોમાસની સ્મૃતિ યાત્રા નીકળી

ગાંધીનગર, તા. ૮

ભારતમાં સૌ પ્રથમ ધર્મના પ્રચાર માટે પગ મુકનાર ઈસુના બારમા શિષ્યોમાના સર્કલ, સેકટર-૮ શોંપીગ સેન્ટર થઈને સેકટર-૮ કેથોલીક ચર્ચ ખાતે પરત ફરી હતી. આ યાત્રામાં પ્રેષિતિક કામ કરેલા છે. ભારતના વિવિધ સ્થળોમાં એમના નામના દેવાલયો, મહાદેવાલયો, અને



એક શિષ્ય સંત થોમાસ હતા. ''સંત થોમાસ''નો તહેવારની ગાંધીનગર ખ્રિસ્તી સમુદાય દ્વારા આજરોજ સેકટર-૮ ચર્ચ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. જયારે સાંજે ૪.૪૫ કલાકે ખ્રિસ્તયજ્ઞ અને ધાર્મિક સરઘસ ભકિતમય વાતાવરણમાં નીકળ્યું હતું. આ સ્મૃતિ યાત્રા સે-૮ કેથોલીક ચર્ચથી પ્રસ્થાન કરીને ચ-૩ બેન્ડવાજાના સંગીતના તાલે ભકિતગીતો અને પ્રાર્થના કરવામાં આવી હતી. ગાંધીનગરમાં વિવિધતામાં એકતા સાથે વિવિધ ધર્મની સંયુકત નગરી હોવાથી નગરજનોને સંત થોમાસની સ્મૃતિ યાત્રા નિહાળવાની એક તક મળી હતી. ઈસુના પુનરૂત્થાન પછી તેઓએ ભારતમાં વિવિધ સ્થળોમાં બેસેલિકાઓ કાર્યરત છે. પોપ પોલ ૬ દ્વારા વર્ષ ૧૯૭૨માં સંત થોમાસને ભારતના પ્રેષિત સંત તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તેથી આ તહેવારને સમગ્ર ભારતમાં દર વર્ષે જુલાઈની ૩જી તારીખે ઉજવવામાં આવે છે. સ્મૃતિ યાત્રા બાદ સ્નેહભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# કેરાલામાં ચમત્કાર થાય છે, પુરૂષનું સરેરાશ આયુષ્ય ૭૫.૨ વર્ષ અને મહિલાનું ૭૮.૬ વર્ષ

આરોગ્ય ક્ષેત્રે વધતી જતી સુવિધાઓના કારણે ભારત અને તેના દેશના રાજ્યોમાં લોકોના આયુષ્યમાં વધારો થયો છે. આશ્ચર્યજનક બાબત એવી છે કે સૌથી લર્નેડ સ્ટેટ તરીકે જેની ગણના થાય છે તે કેરાલામાં સાક્ષરતા દર તો ઉંચો છે જ પરંતુ હવે માનવીના આયુષ્યમાં પણ વધારો થયો છે. કુદરતી સાનિધ્યમાં આવેલા કેરાલા રાજ્યમાં ખૂબીઓનો ભંડાર છે. આયુર્વેદ ટુરિઝમ આ સ્ટેટમાં વિકસ્યું છે. આ રાજ્યમાં પુરૂષ કરતાં મહિલાઓનું પ્રમાણ સૌથી વધારે છે

### એકવાર સરિતા ઉદ્યાન આંટો મારી આવજો, લવ ગાર્ડન નહીં ચિલ્ડ્ર્ન ગાર્ડન બન્યો છે

તેમ પુરૂષ અને મહિલાઓનું આયુષ્ય પણ સૌથી વધારે છે. કેન્દ્રના હેલ્થ રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે કેરાલામાં પુરૂષનું સરેરાશ આયુષ્ય ૭૫.૨ વર્ષનું આંકવામાં આવ્યું છે જ્યારે મહિલાનું આયુષ્ય ૭૮.૬ દર્શાવાય છે. એટલે કે આ રાજ્યમાં અન્ય રાજ્યોની કમ્પેરિઝનમાં હેલ્થની સુવિધાઓ વધુ સારી છે. ગુજરાતમાં પુરૂષનું સરેરાશ આયુષ્ય ૭૧.૯ અને મહિલાનું આયુષ્ય ૭૪.૯ દર્શાવાય છે. ૨૦૦૧-૨૦૦૫ કરતાં આ સ્થિતિ ઘણી સારી છે, પરિણામ સુધર્યું છે. એ પાંચ વર્ષમાં સરેરાશ આયુષ્ય અનુક્રમે ૬૪૦૯ અને ૬૯.૦ આંકવામાં આવેલું હતું. લોકોના જીવનધોરણ સુધરતાં અને હેલ્થની સુવિધાઓ વધતાં તેની સીધી અસર આયુષ્ય પર પડી છે. કેરાલા દેશમાં આ દિશામાં ટોચક્રમે આવે છે.

**લવર્સની ગુસપુસ નહીં બાળકોનો કિલ્લોલ અહીં છે...**

ગાંધીનગરનો વીઆઈપી ગાર્ડન એટલે પુનિત વન. આ જગ્યાએ વોકિંગ સ્ટ્રીટમાં વર્તમાન આઈએએસ ઓફિસરો ઉપરાંત નિવૃત્ત ઓફિસરો વોકિંગ માટે આવતા હોય છે. વહેલી સવાર અને મોડી સાંજ એ બન્ને તેઓના ફિક્સ ટાઈમ હોય છે. આ પુનિત વન, બીજા શબ્દોમાં તેને બિલીપત્ર વન કહે છે-- તેની માવજત કાબિલેદાદ છે. ફોરેસ્ટ વિભાગને સેલ્યુટ કરવાનું મન થાય તેવો આ ગાર્ડનને શણગાર્યો છે. આ પુનિત વન પછી શહેરના સેક્ટર-૨૮માં આવેલા એક સમયના લોકપ્રિય ગાર્ડનને પણ ભૂલાવે તેવું ડેવલપમેન્ટ સરિતા ઉદ્યાનનું થયું છે. સાબરમતી નદી કિનારે રમણિય વિસ્તારમાં આવેલા આ ગાર્ડનને પહેલાં લવ ગાર્ડન કહેવાતો હતો કારણ કે આ ગાર્ડનની ઝાડી-ઝાંખરામાં પ્રેમીઓ તેમની પ્રેમક્રિડા કરતાં માલૂમ પડતાં હતા. કોઈ બાળકો સાથેનું પરિવાર આ ગાર્ડનમાં જાય તો તેમને શરમ આવે તેવી સ્થિતિમાં પ્રેમીઓ તેમની ક્રિડામાં મશગૂલ બનતાં હતા, પરંતુ હવે આ ગાર્ડનની સિકલ બદલી નાંખવામાં આવી છે. સરિતા ઉદ્યાનમાં હવે પ્રેમીઓ ઓછા અને બાળકો વધારે આવે છે, કારણ કે અહીં બાળકો માટે રમતગમતના સાધનોની જેટલી વ્યવસ્થા છે તેટલી ગાંધીનગરના કોઈ ગાર્ડનમાં નહીં હોય. નદી કિનારા વિસ્તારમાં વરસાદી સાંજે આ ગાર્ડનમાં મહાલવાનો મોકો અનેરો છે. હવે ડરશો નહીં, પ્રેમીઓ જે જગ્યાઓ પર બેસતા હતા તે જગ્યા સાફ અને ખુબસુરત બનાવી દેવામાં આવી છે.

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

**રાજસ્થાનની શાન ખોવાઇ છે, ખૂબ અફસોસ થાય છે...**

આરટીડીસી એટલે રાજસ્થાનની શાન... મહેમાનોને આવકારવા માટે રાજસ્થાન સરકારની આ હોટલો શિરમોર ગણાય છે. મહેમાન નવાજીશ કરતા હોટલના સંચાલકોની સર્વિસ કાબિલેદાદ હોય છે. રાજસ્થાની પહેરવેશ અને ખાણી-પીણીથી આ હોટલોમાં દરરોજ ધમધમાટ રહેતો હોય છે. એડવાન્સ બુકીંગ કરાવીને જ આ હોટલોમાં જવાનું હોય છે. અફસોસ-- આરટીડીસી—નો આ ભૂતકાળ છે. આજે આરટીડીસીની હોટલો ગોડાઉનથી ઓછી નથી. એક રાજસ્થાની ઓફિસરે કહ્યું હતું કે અમારા મુલતમાં રાજ્યની શાન ગણાતી આરટીડીસીની હોટલોમાં પ્રવાસીઓ આવતા નથી, કારણ કે પહેલા જેવી જાહોજલાલી જોવા મળતી નથી. તેમને આમ થવાનું કારણ પૂછતાં તેઓ કહે છે કે- રાજસ્થાનના જે શહેરમાં અથવા તો જે હાઈવે પર આરટીડીસીની હોટલો આવેલી છે તેની બાજુમાં જ ટુરિઝમ અને

## રાજસ્થાનના RTDCમાં પહેલાં "પધારો મારે દેશ"ની ગૂંજ હતી, હવે ખંડિયર બોલ રહા હૈ

ઉદ્યોગ વિભાગના ઉચ્ચ અધિકારીઓની પ્રાઈવેટ હોટલો બની ચૂકી છે. રાજસ્થાન કોંગ્રેસ અને ભાજપના નેતાઓ પણ હોટલ



Photo Courtesy : GUIDE TO GO

વ્યવસાયમાં મોટા ભાગીદાર બનેલા છે. ઓફિસરોની હોટલનો ચલાવવા માટે રાજસ્થાનમાં આરટીડીસીનો ભોગ લેવાયો છે. રાજસ્થાનની શાન હવે ઘસાતી જાય છે. આ હોટલોની માવજત કરનારા તેમની દુકાનો ખોલીને બેસી ગયા છે, પરિણામે આ હોટલો ખોટનો મોટો ખાડો બની ચૂકી છે. હવે ખંડિયેર બોલ રહા હૈ...

**આપણાં ધારાસભ્યોના ક્યા કામો થતાં નથી...**

ગુજરાતના ધારાસભ્યોના તમામ કામો સરકાર કરતી હોય છે કારણ કે પાર્ટી અને સરકારમાં તેમનો સપોર્ટ હોવો જરૂરી છે. રાજ્યમાં નરેન્દ્ર મોદી સતત ૧૪ વર્ષ સત્તામાં રહ્યાં છે તે સમયે ધારાસભ્યોને કેમ કામ યાદ આવ્યા નહીં, રૂપાણીની સરકારમાં જ ધારાસભ્યોને નારાજ થવાનું કેમ સૂઝ્યું છે. ફરક છે, નેતાનો અને તેમની કાર્યપદ્ધતિનો... મોદીની છાપ કડક સ્વભાવની છે તેથી ધારાસભ્યો ઉંચા થઈ શક્યા નથી પરંતુ વિજય રૂપાણી સોફ્ટ છે એટલે તેમને ધારાસભ્યો પજવે છે. સચિવાલયની બ્યુરોક્રેસી જાણે છે કે ધારાસભ્યો કેવા કેવા કામો લઈને આવે છે. પર્સનલ કામોનો ઉલ્લેખ અહીં કરતા નથી પરંતુ એવા કામો હોય છે કે જેને અધિકારી તો શું કેબિનેટના મંત્રી પણ સાફ ઈન્કાર કરી દેતા હોય છે. પ્રજાના પ્રતિનિધિ બનતાં આપણને બધાં લાયસન્સ મળી જતાં નથી. હા, જાહેર જનતાનું કે એક મોટા સમૂહને અસર કરતું કોઈ કામ હોય અને સચિવાલયની બ્યુરોક્રેસીએ ન કર્યું હોય તો તે ઓફિસર દંડને પાત્ર છે. ધારાસભ્યોએ ફરિયાદ કરી કે અમારા કામ થતાં નથી પરંતુ ક્યા ક્યા કામ થયાં નથી તેની યાદી તેઓ આપી શક્યા નથી. ઓફિસરો પોતે એવી કોઈ યાદી આપી શકતા નથી, તેથી તેમને ઠપકો સાંભળવા મળે છે. કામની વ્યાખ્યા સ્પષ્ટ કરવાની આવશ્યકતા છે.

**રાજીવ ગુપ્તા પાસે નીમ પ્રોજેક્ટ રહેવો જોઇએ...**

જીએનએફસીના એક અધિકારીએ કહ્યું હતું કે ડો. રાજીવ કુમાર ગુપ્તાની કોઈપણ ડિપાર્ટમેન્ટમાં બદલી કરો પરંતુ તેમની પાસે જીએનએફસીનો હવાલો રહેવો જોઈએ, કેમ કે તેમણે નીમ પ્રોજેક્ટમાં ઈન્ટરનેશનલ લેવલે ગૌરવ મળે તેવું કામ કર્યું છે. લીમડાના પાન અને લિંબોળીના ઉપયોગ કરીને તેમણે નીમ શોપ, નીમ શેમ્પુ, નીમ હેન્ડવોશ, નીમ ફર્ટિલાઈઝર જેવી આરોગ્યપ્રદ

### પ્રજાના પ્રતિનિધિઓ જે કામ લઇને સચિવાલય આવે તેને સાર્વજનિક કરી દેવા જોઇએ

ચીજવસ્તુઓનું ધમાકેદાર માર્કેટીંગ કર્યું છે. લીમડાની લિંબોળી એકત્ર કરવાનું કામ ગુજરાતની આદિવાસી તેમજ ગ્રામીણ મહિલાઓ કરે છે અને તેમને વર્ષે કરોડો રૂપિયાનું મહેનતાણું ચૂકવવામાં આવે છે. નીમ પ્રોડક્ટ્સની માંગ માત્ર ગુજરાતમાં જ નહીં ભારતભરમાં છે. તેમના આ પ્રોજેક્ટને ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અને આંતરરાષ્ટ્રીય સંગઠનોએ વખાણ્યો છે. હવે તેઓ ઉત્તરગુજરાત જેવા વિસ્તારોમાં નજર દોડાવી રહ્યાં છે. હમણાં જ ગુજરાત સરકારના આ કોર્પોરેશને થાણું બનાવીને અમેઠીમાં ગ્રામીણ મહિલાઓ પાસે લિંબોળી એકત્ર કરવાનું કામ શરૂ કરાવ્યું છે જેના બદલામાં તેમને ગુજરાત સરકાર મહેનતાણું આપે છે. આ પ્રોજેક્ટમાં બીજા કોઈ ઓફિસર આવશે તો મળેલું ગૌરવ હણાઈ શકે છે. હાલ તેઓ લેબર એન્ડ એમ્પ્લોઈમેન્ટ ડિપાર્ટમેન્ટના એડિશનલ ચીફ સેક્રેટરી છે.

**નેનો કાર અસલમાં 'રતન' સાબિત થઇ ચૂકી છે...**

ગુજરાતને નેનો કારના ઉત્પાદનમાં રતન મળ્યું છે. રતન ટાટાની મહેચ્છા હતી કે ભારતના લોકોને તેઓ સસ્તી માત્ર એક લાખ રૂપિયામાં કાર પ્રદાન કરે પરંતુ આ સ્વપ્ન બનીને રહી ગયું છે. ગુજરાત સરકારના ૨૦ હજાર કરોડના ઈન્સેન્ટીવ પછી પણ આ પ્રોજેક્ટ તેના ઉત્પાદન વર્ષના આઠ વર્ષમાં ડચકાં ખાઈ રહ્યો છે. જાણીને નવાઈ લાગશે કે ટાટા મોટર્સે તેના સાણંદ પ્લાન્ટમાં ગયા જૂન મહિનાના ૩૦ દિવસમાં માત્ર એક જ નેનો કાર બનાવી છે. આ કંપનીએ વર્ષે અઢી લાખ નેનો કારનું ઉત્પાદન કરવાનું વચન આપ્યું હતું જે હવે ફળિભૂત થાય તેમ નથી. કંપનીએ એક મહિનામાં એક કાર બનાવી અને કંપનીએ એ જ મહિનામાં માત્ર ત્રણ કારનું વેચાણ કર્યું છે. ગયા વર્ષે જૂન મહિનામાં ટાટા મોટર્સે ૨૭૫ નેનો કાર બનાવી હતી અને ૨૫ કારની નિકાસ કરી હતી. આ વર્ષે જૂનમાં અચ્યુચમ કેશવમ થઈ ગયું છે. ટાટાના પ્રવક્તા જ કહે છે કે અમે આ પ્રોજેક્ટને ૨૦૧૯થી આગળ વધારી શકીએ તેમ નથી.વાહ, ટાટા નેનોએ સરકારી લાભ લઈ લીધા અને હવે હાથ ઉંચા કરી દીધા છે. કંપનીએ અન્ય મોડલ્સનું ઉત્પાદન સાણંદમાં કરવાની પરવાનગી માગી છે પરંતુ કોન્ટ્રાક્ટ થયો છે માત્ર નેનો કાર ઉત્પાદન કરાવનો, હવે સરકારની કોર્ટમાં બોલ છે...